શ્રી કહાનગુરુદેવાય નમઃ | શ્રી વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુભ્યો નમઃ | શ્રી ભગવતીમાતાય નમઃ

## શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ (પાર્લા-સાંતાક્રુઝ)

સાનંદ ઉજવે છે...


પૂ. સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# શાશ્વત પર્વાધિરાજ દશલક્ષણધર્મ પર્વ, રત્નત્રય પર્વ અને ક્ષમાવણી પર્વ


પૂ. બહેનશ્રી ચંપાબેન

આત્માર્થી ભાઈશ્રી/બહેનશ્રી.........................................................................................................................,

ભારતવર્ષના ધર્મજિજ્ઞાસુ જીવોના મહાન પુણ્યોદયે વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુના પુનિત પ્રભાવના યોગમાં જે લોકોત્તર મહાપુરુષે સર્વજ્ઞ વીતરાગપ્રણીત શુદ્ધાત્મસાધનાનો સાચો અધ્યાત્મપંથ ઉજાળ્યો, એવાં તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સાતિશય પ્રભાવનાનાં ઉદયે તથા તદ્ભક્ત સ્વાનુભવ પરિણત ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પ્રેરણા અને મંગલ આશિર્વચનોથી પ્રેરાઈને વિલે પાર્લા મંડળ અંતર્ગત **ભાદરવા સુદ-૫, રવિવાર, તા. ૨૩.૦૮.૨૦૨૦ થી ભાદરવા વદ-૧, ગુરુવાર, તા. ૩.૦૯.૨૦૨૦** દરમ્યાન **શ્રી દશલક્ષણ ધર્મ પર્વ, સુગંધ દશમી વ્રત, રત્નત્રય વ્રત, અનંતચતુર્દશી દિન તથા ક્ષમાવાણી પર્વ** આત્મઆરાધનાપૂર્વક ઉજવવામાં આવશે. આ પર્વોનો વિગતવાર કાર્યક્રમ નીચે પ્રમાણે છે.

## 卐 દૈનિક કાર્યક્રમ* 卐

| સવારે | | સાંજે | |
|---|---|---|---|
| ૬.૩૦ થી ૬.૪૫ | સ્તુતિ મંગલ | ૬.૪૫ થી ૭.૧૫ | ભક્તિ તથા આરતી |
| ૬.૪૫ થી ૮.૦૦ | અભિષેક તથા પૂજન | ૭.૧૫ થી ૮.૦૦ | સમુહ પ્રતિક્રમણ |
| ૮.૧૫ થી ૯.૩૦ | પૂ.ગુરુદેવશ્રીનું પ્રવચન | ૮.૦૦ થી ૮.૧૫ | પૂ. બહેનશ્રીની તત્ત્વચર્ચા |
| ૯.૩૦ થી ૧૦.૧૫ | શાસ્ત્ર સ્વાધ્યાય | ૮.૧૫ થી ૯.૧૫ | શાસ્ત્ર સ્વાધ્યાય |

*www.parlajinmandir.org પર ઉપલબ્ધ છે.

## 卐 પર્વાધિરાજ દશલક્ષણ ધર્મ પર્વ - વિશેષ કાર્યક્રમ 卐

| | | | | |
|---|---|---|---|---|
| ભાદરવા | સુદ.૫ | રવિવાર | તા.૨૩.૦૮.૨૦૨૦ | દશલક્ષણ ધર્મ પર્વનો પ્રારંભ, ઉત્તમ ક્ષમા ધર્મ દિન |
| ભાદરવા | સુદ.૧૦ | ગુરુવાર | તા.૨૭.૦૮.૨૦૨૦ | સુગંધ દશમી વ્રત, ઉત્તમ શૌચ ધર્મ દિન, ઉત્તમ સંયમ ધર્મ દિન |
| ભાદરવા | સુદ.૧૩ | સોમવાર | તા.૩૧.૦૮.૨૦૨૦ | રત્નત્રય વ્રત પ્રારંભ |
| ભાદરવા | સુદ.૧૪ | મંગળવાર | તા.૧.૦૯.૨૦૨૦ | અનંત ચતુર્દશી દિન, ઉત્તમ બ્રહ્મચર્ય ધર્મ દિન, દશલક્ષણ ધર્મ પર્વ પૂર્ણ |
| ભાદરવા | સુદ.૧૫ | બુધવાર | તા.૨.૦૯.૨૦૨૦ | રત્નત્રય વ્રત પૂર્ણ |
| ભાદરવા | વદ.૧ | ગુરુવાર | તા.૩.૦૯.૨૦૨૦ | ક્ષમાવાણી પર્વ |

આત્માર્થી મુમુક્ષુભાઈઓને/બહેનોને દેવ-શાસ્ત્ર-ગુરુ, પૂ. ગુરુદેવશ્રી અને પૂ. બહેનશ્રીના ધર્મોપકાર પ્રતાપે સંપ્રાપ્ત આત્મકલ્યાણના નિમિત્તભૂત, ધાર્મિક ભાવનાના પોષણ માટે આરાધનાનું આ પર્વ સૌને આત્મહિતકારી બને તેમજ જિનશાસનની પ્રભાવના અને પ્રસાર થાય તે હેતુસર આ કાર્યક્રમોનું આયોજન કરેલ છે. **વર્તમાન પરિસ્થિતીને પ્રમાણે રાજ્ય સરકાર તથા હાઈ કોર્ટના ચુકાદાને ધ્યાનમાં રાખીને આ પર્વ દરમ્યાન આપણું જિનમંદિર બંધ રહેશે અને આપણે સૌ ઘરેથી હર્ષોલ્લાસપૂર્વક ઉજવણી કરીએ એવી સમસ્ત ટ્રસ્ટીઓની સૌને નમ્ર અપીલ છે. આ પર્વ વિશેની વિગત અને વિસ્તારથી માહિતી અલગથી મેસેજીસમાં મોકલવામાં આવશે જેની સર્વે સાધર્મી ભાઈઓ એ નોંધ લે.**

**આયોજકઃ શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિર**
૪૭, ચર્ચ રોડ, ધનજીભાઈ મહેતા બી.એમ.સી ગ્રાઉન્ડ સામે, વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬.

**નિમંત્રકઃ શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટના** સમસ્ત ટ્રસ્ટીગણ અને મુમુક્ષુગણ

☎ 022 - 2663 1165 | +91 96195 04576 | parlajinmandir@gmail.com | www.parlajinmandir.org | /Parla.Jinmandir | /c/ParlaJinmandir